ગાંધીનગર સમાચાર


તા. ૨૨-૧૨-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર

ઇંદોર એ મધ્યપ્રદેશનું હૃદયનગર છે. અહલ્યાબાઇ જેવાં ધર્મપ્રિય શાસકના હોલકર સામ્રાજયની રાજધાની તરીકે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં આ નગરમાં ગુજરાતી સમાજના નિમંત્રણથી ગુજરાતી સાહિત્યનું ૨૮મું જ્ઞાનસત્ર યોજાઇ ગયું છે. ૧૦૯ વર્ષ જૂની ગુજરાતી સાહિત્ય પરિષદ એ ગુજરાતી સાહિત્ય-સંસ્કારની રખેવાળી સંભાળતી મહત્ત્વપૂર્ણ સંસ્થા છે. કયારેક ખુદ મહાત્મા ગાંધીના અધ્યક્ષપદે આ સાહિત્ય પરિષદનું અધિવેશન યોજાયેલું, તે પરથી એનો મહિમા સમજી શકાશે. ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના રણજિતરામ વાવાભાઇ મહેતાએ કરેલી અને એના પહેલા પ્રમુખ તરીકે મહાન સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠી બિરાજ્યા હતા. એ પછી પરિષદે ઘણી લીલીસૂકી જોઇ છે. કનૈયાલાલ મુનશીના એકહથ્થુ વહીવટ સામે ઉમાશંકર જોશી અને એમના સાથીઓએ વિદ્રોહનો બૂંગિયો ફૂંક્યો તે પછી પરિષદનું સ્વરૂપ બદલાયું હતું. છેલ્લાં ઘણાં વર્ષોથી પરિષદ પર એના આજીવન ટ્રસ્ટી અને જાણીતા લેખક રઘુવીર ચૌધરીનો પ્રભાવ રહ્યો હતો. હાલમાં પરિષદના પ્રમુખ તરીકે 'કુમાર'ના તંત્રી ડો. ધીરુભાઇ પરીખ કાર્યરત છે. પરિષદનું અધિવેશન દર બે વર્ષે મળે છે - આપણા ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમના નેજા હેઠળ પરિષદનું ૪૪મું અધિવેશન તત્કાલીન પ્રમુખ નારાયણ દેસાઇની નિશ્રામાં સંપન્ન થયું હતું, જે પરિષદના ઇતિહાસની એક યાદગાર ઘટના છે. જ્ઞાનસત્રો સામાન્ય રીતે નાનાં નગરો અને ગ્રામીણ વિસ્તારોમાં યોજાતાં હોય છે. ઇંદોર ખરેખર તો અધિવેશનના યજમાનપદની લાયકાત ધરાવતું મહાનગર છે, પરંતુ અન્ય કોઇ જગ્યાએથી આમંત્રણ નહીં હોવાથી ઇંદોરનું આમંત્રણ સ્વીકારી પરિષદે ત્યાં જ્ઞાનસત્ર યોજવાનું સ્વીકારવું પડ્યું તે સાહિત્ય પ્રત્યે ઘટી રહેલી લોકરૂચિનું પ્રમાણ છે. ઇંદોર ખાતે યોજાયેલ જ્ઞાનસત્રમાં ૨૦૧૨-૧૩ એમ બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલ ગુજરાતી સાહિત્યનું સરવૈયું વિવિધ તજજ્ઞો દ્વારા રજૂ કરાયું હતું. જ્ઞાનસત્રમાં ૨૦૧૨ની નવલકતાઓ વિશે ડો. કેશુભાઇ દેસાઇ અને ૨૦૧૩ની નવલકથાઓ વિશે ડો. કનૈયાલાલ ભટ્ટે વકતવ્ય પ્રસ્તુક કર્યું હતું. સર્જકના પુન મૂલ્યાંકનની બેઠકમાં બકુલ ત્રિપાઠીના હાસ્ય સાહિત્ય પર રતિલાલ બોરીસાગર, ઉર્વીશ કોઠારી અને રવીન્દ્ર પારેખનાં વકતવ્યો રજૂ થયા હતા. વિવિધ સાહિત્ય પ્રકારોમાં પારિતોષિકોનું વિતરણ પણ કરાયું હતું. સાહિત્ય સ્વરૂપમાં મહેશ ચંપકલાલના અધ્યક્ષપદે તજજ્ઞોનાં વકતવ્યો યોજાતા હતા. આ જ્ઞાનસત્રના ઉદ્‌ઘાટન પર્વમાં હિંદી સાહિત્યકારો ચંદ્રકાન્ત દેવતાલે અને સરોજકુમાર જૈન ઉપસ્થિત રહ્યા હતા. યજમાન સંસ્થા શ્રી ગુજરાત સમાજ, ઇંદોર દ્વારા ગુજરાતી સાહિત્યકારોનું ભાવભીનું આતિથ્ય થયું હતું, જેમાં મધ્યપ્રદેશની માટીની હળુહળુ મહેક ભળી હતી. ગાંધીનગરથી ઘણા સાહિત્યકારો આ જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇંદોર ગયા હતા.





## કેલોરક્સ પબ્લિક સ્કૂલમાં ક્રિસમસ કાર્નિવાલનો પ્રારંભ

કેલોરક્સ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા આયોજીત ક્રિસમસ કાર્નિવાલની ઉજવણીનો મેથોડીસ્ટ ચર્ચ, ગાંધીનગરના પેસ્ટર કાર્નિલિયસ મેકવાનના હસ્તે પ્રારંભ થયો છે. આ કાર્નિવાલમાં ફૂડ સ્ટોલ, બલૂન તથા ગેમ સ્ટોલ, હોર્સ રાઈડીંગ, બુક સ્ટોલ, સ્વીટ સ્ટોલ અને પેરેન્ટસ માટે મુવી શો તથા વિદ્યાર્થીઓ માટે કાર્ટૂન મુવી જેવા અનેક આકર્ષણો અને આનંદપ્રદ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુલાકાતીઓમાંથી લકી ડ્રોના વિજેતાઓની પણ જાહેરાત કરાશે.

# સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળના ૨૬માં વાર્ષિક સંમેલનમાં અવનવી રમતોનો રંગ જામ્યો

## અબાલવૃધ્ધ સૌ કોઈ રમતોમાં જોડાયા : મહિલાઓ અને વડીલોના ઉત્સાહથી રમતોનો આનંદ બેવડાયો : પરંપરાગત સહિત અનેક અવનવી રમતોનો સમાવેશ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના ખ-૦ સર્કલ સરગાસણ ચાર રસ્તા પાસે આવેલ એક ફાર્મ પર આજે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળ દ્વારા ૨૬મું વાર્ષિક



સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આ સંમેલનમાં આયોજકોએ મનોરંજનાત્મક રમતોનું આયોજન કર્યું હતું. જેમાં અબાલવૃધ્ધ સૌ કોઈએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમાજમાં અરસ પરસ ભાતૃભાવ વધે અને બધા હળી મળી શકે તેમજ સમાજના સભ્યો એકબીજા સાથે નજીક આવી ઓળખ કેળવી શકે તેવા ઉદ્દાત હેતુથી યોજાયેલ આ વાર્ષિક સંમેલનમાં સવારથી જ સભ્યોનું પરિવાર સહિત આગમન શરૂ થઈ ગયું હતું. સવારના ચા-કોફી-નાસ્તા બાદ તમામ સભ્યો માટે મનોરંજનાત્મક રમતો યોજવામાં આવી હતી જેમાં નાના મોટા વડીલ સૌ કોઈએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોમાં નાના બાળકો માટે રંગ ઓળખ, ભૂખ્યા પક્ષી, ઈન-આઉટ, શાક વીણવું, ઝેરી દડો, લીંબુ





ચમચી, ડોલમાં બોલ, દેડકા દોડ અને લોટ-ફૂંક જેવી રમતોનો સમાવેશ કરાયો હતો. જયારે મોટા બાળકો માટે સોય-દોરો, ઉંધી દોડ, સંગીત ખુરશી, સ્ટ્રો-મમરા, દડા ફેંક, ત્રિપગી દોડ તેમજ યુવાનો-યુવતીઓ માટે રસ્સા ખેંચ, દડા ફેંક અને ખુરશી બદલ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ ઉપરાંત પરંપરાગત રમતો જેવી કે સાતોલીયું, ફુગ્ગાદોડ, સાથી-ખોડ, લંગડી દોડ અને ગોળા ફેંક પણ રમાડવામાં આવી હતી. આ રમતોમાં મહિલાઓ માટે પણ માથે મટુકી સાથે દોડ અને વડીલો માટે પણ કેટલીક રમતો યોજવામાં આવી હતી જેમાં મહિલાઓ અને વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકો સહિત તમામને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતાં.

આ વાર્ષિક સંમેલનમાં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના સભ્યો એકબીજાને મળીને તેમજ રમતો રમીને રોમાંચિત થઈ ગયા હતાં. રમતોત્સવના અંતે સમાજના તમામ સભ્યોએ સાથે કાઠિયાવાડી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

## હરિની દૃષ્ટિ...



હવે છાપુ મૂકો.. સરકાર હવે વાઇબ્રન્ટ બનવા કહે છે... 'વાંચે ગુજરાત' પુરુ થઇ ગયું...!!

# હરિધામ સોખડા ખાતે આત્મીય યુવા મહોત્સવનું આયોજન

## ચાર દિવસીય સંમેલનમાં દેશ વિદેશના ૧ લાખ યુવાનો અને ૨૫ લાખ દર્શનાર્થીઓ ઉમટશે : પૂ. મોરારિબાપુ અને પૂ. રમેશભાઈ ઓઝા સહિત અનેક અગ્રણી સંતો આશીર્વચન પાઠવશે : વિવિધ પ્રદર્શનોનું આયોજન કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૧

વિષયોના વમળમાં ઘેરાયેલી આજની યુવા પેઢીને બદીઓથી મુકત બનાવી પવિત્ર જીવનની રાહે ચડાવવા તથા ઘર, પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં એક આત્મીયતાનો સેતુ બંધાય તે માટે વડોદરા જિલ્લાના સોખડા ગામે હરિધામ ખાતે આત્મીય યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ આત્મીય યુવા મહોત્સવ આગામી તા. ૧લીથી ૪થી જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન હરિધામ તિર્થસ્થાને યોજાશે. જેમાં દેશ વિદેશથી એક લાખ જેટલાં યુવાનો ભાગ લેશે અને ૨૫ લાખ જેટલા ભાવિકો પ્રદર્શન અને મહોત્સવનો લાભ માણશે.

સોખડાના હરિધાના પૂ. હરિપ્રસાદ સ્વામી દ્વારા આયોજિત આ આત્મીય યુવા મહોત્સવમાં ભારતના અગ્રણી સંતો જેવા કે હરિદ્વારના પૂ. સત્યનિત્રાનંદ સ્વામી, ઋષિકેશના પૂ.ચિદાનંદમુનિજી તેમજ પૂ. મોરારિ બાપુ, પૂ.રમેશભાઈ ઓઝા, વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજી, તીથલ આશ્રમના જૈન મુનિઓ તેમજ અન્ય સંતો-મહંતો તેમની આશિષ પરાવાણી દ્વારા યુવા પેઢીના ભવિષ્યને ઉજજવળ બનાવવા પ્રેરણા આપશે. આ મહોત્સવમાં યુવા વિકાસ, મહિલા વિકાસ, સમાજ કલ્યાણ વિકાસ, આદિજાતિ કલ્યાણ વિકાસ વગેરે માટે સહયોગ આપવા જન સમુદાયને ઉજાગર કરવાની પ્રેરણા પ્રદાન કરવામાં આવનાર છે.



ચિલોડા ખાતે સર્વિસ રોડ પર છેલ્લા ચાર દિવસથી બિનવારસી નવું સફેદ કલરનું જીજે ૦૯ સી.એલ. ૭૯૨૩ નંબરનું એકટીવા અમદાવાદ જવાના બસ સ્ટેન્ડ નજીક લોક મારેલું પડી રહ્યું હતું. જયારે આ એકટીવા જોતાં લોકોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા હતા. આ અંગે પોલીસને જાણ કરતાં ચિલોડા પોલીસે આ એકટીવા કબજે કર્યું છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા મણીનગર ખાતે તાજેતરમાં લબ્ધ પ્રતિષ્ઠ ઈતિહાસકારો અને અધ્યાપકોનો ગુરૂવંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મહંત ભગવતપ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ ગુરૂવંદના કાર્યક્રમમાં ઈતિહાસકાર ડૉ. આર.કે. ધરૈયા, પ્રો. મકરંદ મહેતા, પ્રો.સલીમ કાઝી, ડૉ. થોમસ પરમાર, ડૉ. શિરીનબેન મહેતા, ડૉ. ભારતીબેન શેલત, ડૉ. ઉષાબેન ભટ્ટ વગેરેનું સ્મૃતિચિહ્ન આપી શાલ ઓઢાડી પુષ્પમાળાથી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન જાણીતા પ્રો. ડૉ. રીઝવાન કાદરીએ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિનારાયણ આર્ટસ કોલેજમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અભ્યાસ કરી ચુકયા છે. જયારે અન્ય બે ગુજરાતી વડાપ્રધાન ગુલઝારીલાલ નંદા અને મોરારજી દેસાઈનો પણ આ કોલેજ સાથે નાતો રહેલો છે.

## દિવ્ય જીવન સંઘના ઉપક્રમે સત્સંગ પ્રવચન

દિવ્ય જીવન સંઘના મુખ્યમથક ઋષિકેશ સ્થિત શિવાનંદ આશ્રમના વરિષ્ઠ સંત સ્વામી અદ્વૈતાનંદ સરસ્વતી મહારાજના સત્સંગ પ્રવચનનો કાર્યક્રમ તા. ૨૨મી ડિસેમ્બર સોમવારના રોજ સાંજે ૬.૦૦ થી ૭.૩૦ વાગ્યા દરમ્યાન દિવ્ય જીવન સંઘ ૨૦૫, આનંદનગર સેક્ટર-૨૭ ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# વિદેશમાં લગનમાં વિશ્વાસઘાત, છેતરામણી જેવા કિસ્સાઓમાં ઘટાડો તથા આ સંદર્ભે જાગૃતિ ફેલાવવાના પ્રયાસો અંગેની માહિતી

## મહિલા સમાજ અને કાયદા

અંક-૭૩

- ડો. ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં આપણે નીલાના કેસની ચર્ચા કરી રહયા હતા. હાલમાં પણ ગુજરાતમાંથી ભારત બહાર લગ્ન થવાની સંખ્યા ઘણી મોટી છે. દરેક દેશના અલગ - અલગ કાયદાઓ છે. પરંતુ ખાસ કરીને વિદેશમાં વસતા કોઈપણ વ્યકિત સાથે ભારતીયના લગ્ન સંદર્ભે ગુજરાત રાજય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન કામ કરી રહયું છે. ખાસ કરીને ગુજરાત રાજય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન એ વિદેશમાં લગ્ન આંધળુકિયા રીતે ન થાય તે સંદર્ભે જાગૃતિ અંગેનું કામ કરે છે. વિદેશમાં વસતા ભારતીય સાથેના લગ્નમાં વિશ્વાસઘાત, છેતરામણી વગેરે પ્રકારના કિસ્સાઓ રોજબરોજ જોવા મળે છે. આવા છેતરપીંડી અને વિશ્વાસઘાત જેવા કિસ્સાઓમાં ઘટાડો કરવા તથા આ સંદર્ભે જાગૃતિ ફેલાવવાના અનેક પ્રયાસો સમગ્ર રાજયમાં થઈ રહયા છે. આપણે અગાઉ જોયું હતું કે,

જયારે પરદેશની કોઈ લગ્ન સંદર્ભેની તક હાથમાં આવે તો અગાઉના સમયમાં તો આખું ઘર ખુબ રાજી થઈ જતું. જો કે આજના સમયમાં કેટલાક વાલીઓ વિદેશમાં લગ્ન થવા સંદર્ભે વાત કરવા પણ રાજી નથી તેવું પણ જોવા મળે છે અને તેથી જ આ કોલમ લખવાનો હેતુ અને વિદેશમાં થતા લગ્ન સંદર્ભે કાળજી રાખવા સંદર્ભે જાગૃતિ શિબિરો યોજવાનો હેતુ એ કોઈપણ પ્રકારનો ભય કે ડર ફેલાવાનો નથી પરંતુ વિદેશમાં થતા લગ્નો સંદર્ભે જે કાનુની મુદાઓ ઉભા થાય છે તે સંદર્ભે અગાઉથી કાળજી રાખવા સંદર્ભેનો છે.

આપણે જાણીએ છીએ કે ભારતમાંથી વિદેશ જનારા અને વિદેશ જઈને સ્થાયી થનાર લોકોની સંખ્યા ઘણી મોટી છે. આજથી ૨૫ વર્ષ પહેલા જેમ કોઈ દિકરી કે દિકરો સૌરાષ્ટ્રના કોઈ અંગરિયાળ ગામડામાંથી અમદાવાદ કે મુંબઈ ભણવા જાય તો સમાજમાં તેની નોંધ લેવાતી. તેવી રીતે આજના યુગમાં અંતરિયાળ ગામડું હોય કે શહેર હોય ભારતમાંથી લંડન, ઓસ્ટ્રેલીયા, અમેરીકા ભણવા જવા વાળો વર્ગ ખુબ મોટો છે. આમ જોઈએ તો ભારતમાંથી વિદેશમાં વસવાટ કરવા સંદર્ભેની સંખ્યા દિન બ દિન વધતી જાય છે. એવું પણ જોવા મળે છે કે પરદેશમાં સ્થાયી થયેલા લોકો અંદરો અંદર લગ્ન નકકી કરે છે અને કેટલાક સંજોગોમાં ભારતમાં આવીને પણ લગ્નો કરતા હોય છે.

દિકરી કે દિકરો ભારતનો હોય અને વિદેશમાં વસતા ભારતીયો સાથે લગ્ન થતા હોય તો પણ તે લગ્ન દરેક પોતપોતાના જ્ઞાતિના રીતરીવાજ મુજબ અને પરંપરાગત રીતે લગ્ન થાય છે. જયારે ભારતમાં રહેતી દિકરી લગ્ન કરીને બીજા દેશમાં જાય ત્યારે તેના માટે એક અજાણ્યો દેશ છે. ભારતમાં રહેતી દિકરી લગ્ન કરીને પરદેશ જાય ત્યારે જે પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે બાબતો અનેક દિકરીઓ પરદેશથી ફોન કરીને પણ અમોને જણાવતી હોય છે. આવી મુશ્કેલી જોઈએ તો,

ભારતમાંથી લગ્ન કરીને વિદેશ ગયેલ દિકરી પ્રથમ પ્રશ્ન તો તેણીને જે તે દેશના કાયદા કાનુનની માહિતી હોતી નથી. કેટલાક કેસમાં તો દિકરીઓને સ્થાનિક પોલીસને કેવી રીતે ફોન કરીને બોલાવી શકાય તેની પણ ખબર હોતી નથી. અજાણ્યા દેશમાં કોઈપણ એક દિકરીને મુશ્કેલીના સમયમાં માત્ર માનસીક રાહતની પણ આવશ્યકતા હોય છે. તેણીના તો કોઈ સ્વજન ત્યાં હોતા નથી અને તે સંજોગોમાં પોતે પોતાની જાતને બેબશ સમજે છે. આવી સ્થિતિમાં તેણીને એમ પણ થાય કે તેણીને પૈસા હોય તો એર ટીકીટ કઢાવીને ભારત દેશમાં પરત પહોંચી શકાય, પરંતુ જે દિકરીઓ પોતાના પતિના ડીપેન્ડન્ટ વિઝા ઉપર ગઈ હોય છે તેણી પોતે કામ કરવાના વિઝા મેળવી શકતી નથી અને તેણી પાસે પૈસા પણ હોતા નથી. અરે! તેણીનો પાસપોર્ટ પણ પતિએ લઈ લીધો હોય છે. આમ, મુશ્કેલીમાં ઉતરોતર વધારો થતો હોય તેવો અનુભવ થાય છે. ચોથો જે પ્રશ્ન ઉભો થાય છે તે જો પોતાના દેશ પરત ન ફરી શકે તો જે તે દેશના આશ્રય કેવી રીતે મેળવી શકાય તે અંગે જાણકારી હોતી નથી.

અને આમ, પતિ પત્નિની તકરાર વચ્ચે એક દિકરીને અજાણ્યા દેશમાં અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

ઉપર જણાવ્યા મુજબની સમસ્યાઓ લેખિત અને મૌખિક રીતે અનેક દિકરીઓને અમોને અનેકવાર મળેલી છે. અને તેથી જ જે મુખ્ય સમસ્યા ઉભી થાય છે તે નિવારવા સમયે વિદેશમાં થતા લગ્ન સંદર્ભે કાળજીઓ રાખવી આવશ્યક છે. આપણે જોયું કે દિકરીને જે જાગૃત કરવાની છે તે સંદર્ભે પ્રથમ તો પોતાના અગત્યના દસ્તાવેજો વ્યકિતએ પોતાની પાસે જ રાખવા જોઈએ અને પોતાનો પાસપોર્ટ અને વિઝા દિકરીએ પોતાની પાસે રાખવા અને તેની એક નકલ વાલીએ રાખવી જોઈએ. બીજું કે જે દેશમાં લગ્ન કરીને જાય તે દેશના ઈમરજન્સી ટેલીફોન નંબર અંગે લખેલી માહિતી રાખવી જોઈએ. જેથી મુશ્કેલીના સમયે પોલીસને તાત્કાલીક બોલાવી શકાય. આપણે જોયું હતું કે દિકરીને પરદેશમાં ભારતીય એલચી કચેરીના સરનામા અને ટેલીફોન નંબર તથા હેલ્પલાઈન અંગે લેખિતમાં માહિતી રાખવી જોઈએ. જેમ આપણે આપણા દેશમાં પોસ્ટ કાર્ડ અને કવર સાથે રાખીએ છીએ તેમ પરદેશમાં તમે કદાચ ફોન કે હેલ્પ લાઈનનો સંપર્ક ન કરી શકો તો પત્રોને આધારે પણ મદદ મેળવી શકાય છે. લગ્ન થતા જ સમયે જે દેશમાં લગ્ન થતા હોય તે દેશ અંગે તેની સામાન્ય માહિતીમાં આ બધી માહિતીનો લેખિતમાં સમાવેશ કરવો જોઈએ. વિશેષમાં પોતાના કોઈ સગા સંબંધી જો જે તે દેશમાં રહેતા હોય તો તેના પણ નામ, સરનામા રાખવા જોઈએ. રસીલાની જ જો વાત કરું તો,

રસીલા અમેરીકા લગ્ન કરીને ગઈ છે પતિ - પત્નિ સાથે રહે છે. પરંતુ રસીલાને તેનો પતિ ઘરમાં બંધ કરીને બહાર તાળુ મારીને નોકરી ઉપર જાય છે. રસીલા જયારે આ વાત કરતી હતી ત્યારે એક મીનીટ માટે મને એવો વિચાર આવ્યો કે અમેરીકામાં તો આજથી વીસ વર્ષ પહેલા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ અસ્તીત્વમાં આવ્યો છે. અને છતાં કોઈ ઘરમાં બંધ કરીને બહાર તાળુ મારીને પોતાની પત્નિને રાખે તે કેટલે અંશે વ્યાજબી છે? કોઈએ ગુનો સાબિત થયે ગુનાની માત્રા મુજબ જેલની સજા થાય છે, પરંતુ જેલમાં પણ કાળી કોટલીમાં કોઈને બંધ રાખવામાં આવતા નથી. હાલમાં તો જેલમાં પણ અનેક અલગ - અલગ પ્રકારના માનવીય સંવેદના સાથેના સુધારણાત્મક કાર્યક્રમો થઈ રહયા છે ત્યારે એક દિકરીને વિદેશની ધરતી પણ ઘરમાં પુરી દેવામાં આવે તેને કયા પ્રકારની જેલ ગણી શકાય?

રસીલાના પ્રશ્નો સાથે અને વિદેશમાં લગ્ન સંદર્ભે માહિતી અને કાળજીની બાબતો સાથે મળીએ આવતા અંકે...